ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૨૪.૦ ડીગ્રી
લઘુતમ : ૭.૧ ડીગ્રી
ભેજ
સવારે ૭૭ ટકા ● સાંજે ૫૮ ટકા

# રવિવારે સે-૨૧ના બજારમાં ઉમટેલી ભીડ ચિંતાજનક

## ઉત્તરાયણને અનુલક્ષીને પતંગ બજાર અને લોકડાઉનની ભીતિએ અન્ય બજારોમાં જામતી ભીડ જોખમી બની શકે
## કૂદકેને ભૂસકે વધતાં કેસોની સંખ્યા સામે નાગરિકો સોશિયલ ડિસ્ટન્સ અને માસ્કનું ગંભીરતાપૂર્વક પાલન કરે તે જરૂરી


ગાંધીનગર, તા.૧૦

કોરોના મહામારીની ત્રીજી લહેર શરૂ થઈ ગઈ છે અને ગાંધીનગરમાં કોરોના પોઝિટીવ કેસોની સંખ્યા દિન-પ્રતિદિન કૂદકેને ભૂસકે વધી રહી છે, જેના કારણે રાજય સરકારે પાટનગરમાં યોજાનારી વાઈબ્રન્ટ ગુજરાત સમિટ પણ રદ કરી દીધી છે. જો કે આ પરિસ્થિતિમાં પણ હજુ શહેરીજનોમાં ગંભીરતા જાણાતી નથી અને સાવચેતી રાખવાને બદલે નાગરિકો પણ જાણે નેતાઓની હરિફાઈમાં ઉતર્યા હોય તેમ બજારોમાં ભીડ જમાવી રહ્યાં છે જે આગામી સમયમાં મુશ્કેલીજનક પરિસ્થિતિનું નિર્માણ કરી શકે છે. રવિવારે શહેરના સેકટર-૨૧ના બજારમાં જોવા મળેલાં દશ્યો આ બાબતની સંપૂર્ણ ચાડી ખાઈ રહ્યા છે.

ઉત્તરાયણનો તહેવાર આંગણે આવીને ઉભો છે અને બીજી તરફ સતત વધતી જઈ રહેલી કોરોના કેસોની સંખ્યા નાગરિકોને લાલબત્તી દેખાડી રહી છે. અગાઉની બંને લહેરના અનુભવને જોઈએ તો નાગરિકોની સજાગતા સાથે કોવિડ ગાઈડલાઈનનું પાલન જ આ મહામારી સામે લડવાનો શ્રેષ્ઠ ઉપાય છે તે સ્પષ્ટ જણાય છે પરંતુ બીજી લહેરની ઘાતકતાને જાણે શહેરીજનોએ આસાનીથી ભુલાવી દીધી હોય તેવો માહોલ જોવા મળી રહ્યો છે. શહેરના મુખ્ય બજાર ગણાતા સેકટર-૨૧ના ડિસ્ટ્રિકટ શોપીંગ સેન્ટર અને શાકમાર્કેટથી માંડીને પતંગ બજાર સુધી દરેક સ્થળે ભારે ભીડ ભાડ જોવા મળી હતી. જેમાં માત્ર સોશિયલ ડિસ્ટન્સને જ ભુલાવી નથી દેવાયું પરંતુ યોગ્ય રીતે માસ્ક પહેરવા બાબતે પણ ભારે ઉદાસીનતા નજરે ચઢતી હતી. અત્યારે પ્રવર્તમાન કોરોના વાયરસના નવા વેરિયન્ટ ઓમીક્રોનના સંક્રમણની ગતિ ખૂબ જ તીવ્ર છે અને તેના કારણે કોરોના પોઝિટીવ કેસોની સંખ્યા કૂદકે-ભૂસક વધી રહી છે. આ સ્થિતિમાં નાગરિકોની જાહેરસ્થળોએ આ પ્રકારની લાપરવાહી આવનારા દિવસોમાં મુશ્કેલી સર્જી શકે છે. રાજય સરકાર દ્વારા ઓમીક્રોન સહિતના સંક્રમણની સ્થિતિને જોતા વાઈબ્રન્ટ ગુજરાત સહિતના આયોજનો રદ કરી નવી એસઓપી પણ જાહેર કરી છે અને તે સાથે નાગરિકોને કોવિડ ગાઈડલાઈનનું પાલન કરવા તાકીદ કરવામાં આવે છે. નિષ્ણાંતો દ્વારા પણ જાહેરસ્થળોએ ભીડભાડ બાબતે અનેક ચેતવણીઓ ઉચ્ચારવામાં આવે છે પરંતુ જાણે આ જાહેરાતોની નાગરિકો પર કોઈ જ અસર જણાતી નથી અનો સામાજિક સ્તરે હજુ પણ કોરોના સંક્રમણથી બચવા સોશિયલ ડિસ્ટન્સકે માસ્ક-સેનેટાઈઝરના ઉપયોગ વગેરેના પાલન બાબતે ગંભીરતા નથી દેખાતી જે એક ચિંતાજનક સ્થિતિ છે.

### અત્યારે સાચવી લેશો તો ત્રીજી લહેરને ઘાતક બનતા રોકી શકાશે

કોરોના મહામારીની અગાઉની બે લહેરો અને અન્ય બાબતોના અભ્યાસ બાદ કેટલાંક નિષ્ણાંતો દ્વારા ત્રીજી લહેર છ-સાત સપ્તાહ ચાલી શકે તેવી શકયતા વ્યકત કરવામાં આવી છે.



અત્યાર સુધીની સ્થિતિનું મૂલ્યાંકન કરીએ તો ત્રીજી લહેરના પ્રારંભને અંદાજે બે સપ્તાહ જેટલો સમય વીત્યો હોવાનું તારણ નીકળી શકે તે જોતાં હજુ ચાર થી પાંચ સપ્તાહ સુધી નાગરિકોએ સાવચેતી રાખી કોરોના ગાઈડલાઈનનું ગંભીરતાથી પાલન કરવું જરુરી છે. મોટા ભાગના નિષ્ણાંતો આગામી તા. ૧૦મી ફેબ્રુઆરીની આસપાસ ત્રીજી લહેર શમી જશે તેવી શકયતા વ્યકત કરી રહ્યા છે ત્યારે જો નાગરિકો હજુ એકાદ માસ સુધી સાવચેતી રાખે-ગંભીરતા દાખવે તો કોરોના વાયરસને વધુ ઘાતક બનતા અટકાવી શકાય તેવું લાગી રહ્યુ છે.

### જન્મદિને વધામણી



મનીષાબેન ત્રિપાઠી



માનસી ઠક્કર



હેત એન. દેવમુરારી

## આરાધના વિદ્યાવિહાર શાળામાં ફીટ ઈન્ડિયા વીક ૨૦૨૧ સાપ્તાહિક વર્ષની ઉજવણી



ગાંધીનગર, તા.૧૦

ભારતના સ્વાતંત્રતાની ૭૫મી વર્ષગાંઠ નિમિત્તે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત વિવિધ સ્પર્ધાના માધ્યમથી રમતગમત અને યોગ પ્રવૃત્તિનું વાતાવરણ શાળા કક્ષાના તમામ વિદ્યાર્થીઓના સહયોગથી ફીટ ઈન્ડિયા વીક ૨૦૨૧નું આયોજન કરવામાં આવેલ હતું. તેમજ વર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઈને વિદ્યાર્થીઓમાં યોગ વિષયની વિસ્તૃત જાગૃતિ તેમજ શારીરિક સ્વાસ્થ્ય તંદુરસ્તી રાખવાના ઉમદા આશયથી શાળાના પટાંગણમાં યોજવામાં આવેલ હતું. આ સમગ્ર આયોજનમાં આરાધના પરિવાર અને કર્મચારીગણ સામેલ થયેલ હતા.

## પીંડારડા ખાતે યોજાયો સર્વ રોગ નિદાન યજ્ઞ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર જિલ્લાના પીંડારડા ગામ મુકામે ગાંધીનગરની ખ્યાતનામ પર્લ એજયુકેશન ટ્રસ્ટ દ્વારા સંચાલિત ગાંધીનગર હોમીયોપેથીક મેડિકલ કોલેજ અને હોસ્પિટલ દ્વારા એક સાર્વજનિક રોગ નિદાન કેમ્પ યોજવામાં આવેલ હતો. જેમાં ગ્રામજનોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. કેમ્પ દરમિયાન રૂમેટોઈડ આર્થરાઈટિસ, થાઈરોઈડ, ડાયબિટીસ, બ્લડપ્રેસર જેવા રોગોનું નિદાન કરી દર્દીઓને નિઃશુલ્ક દવાઓ પણ આપવામાં આવી હતી તથા કોરોનાથી કઈ રીતે બચવું એની માહિતી પણ આપી હતી.





પિંડારડા ગામના નિદાન કેમ્પમાં સરપંચશ્રી દિલીપસિંહ જસવંતસિંહ બિહોલા તથા તેમના પુત્ર પરાક્રમસિંહ બિહોલા તથા હરેન્દ્રસિંહ કિશોરસિંહ ચાવડા (વરસોડાવાળા) તથા નારણભાઈ ગાંડાભાઈ રબારીક તથા અન્ય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કેમ્પનું આયોજન સંસ્થાના ચેરમેનશ્રી પ્રવીણભાઈ ગોહિલ, મેનેજીંગ ડાયરેકટર શ્રી વિશાલભાઈ જાદવ તથા આચાર્ય પ્રો .ડો. મનોજ કુમાર બેહેરાના માર્ગદર્શનથી કરવામાં આવ્યું હતું. હોસ્પિટલના આર.એમ.ઓ. ડો.મેઘા મહાવીર નિમાવત તથા નર્સ આરતી રાવળ અને વિપુલભાઈ પરમાર તથા લેબ ટેક્નિશિયન જિતાક્ષી જાદવ તથા કોલેજના વિદ્યાર્થીઓએ સેવા પુરી પાડી હતી .અત્રે ઉલ્લેખનીય છે કે મુબારકપુર ખાતે આવેલી ગાંધીનગર હોમીયોપેથિક મેડિકલ કોલેજ અને હોસ્પિટલ ખાતે તમામ રોગો માટે નિઃશુલ્ક સારવાર તથા દવાઓ પુરી પાડવામાં આવે છે.

## શહેરની ઝુંપડપટ્ટીના બાળકોને કપડાં-રમકડાંનું વિતરણ કરાયું





ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સમાજકાર્ય વિભાગ દ્વારા ગાંધીનગરના ઝૂંપડપટ્ટી વિસ્તારમાં ગરીબ બાળકોને રમકડાં તેમજ બાળકો, યુવાનો અને વડીલોને વસ્ત્રોનું વિતરણ કરાયું હતું. ફીલ્ડવર્કના ભાગરૂપે સમાજકાર્યના વિદ્યાર્થીઓએ કપડાં અને રમકડાં એકઠાં કર્યાં હતાં. બાદમાં ઝૂંપડપટ્ટી વિસ્તારમાં તેનું વિતરણ કરી સમાજકાર્યના વિવિધ સિદ્ધાંતો અને મૂલ્યો વિશે જ્ઞાન મેળવવાનો પ્રયાસ કર્યો હતો, જેમાં સમાજકાર્યના સેમેસ્ટર-૧ તથા સેમેસ્ટર-૪ના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો. વિદ્યાર્થીઓએ બાળકોને વિવિધ રમતો રમાડી તેમજ વડીલો સાથે સંવાદ કર્યો હતો. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓએ આવનારા સમયમાં આ બાળકોને શિક્ષિત કરવાનો નિર્ધાર કર્યો હતો.ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના માનનીય કુલપતિ શ્રી હર્ષદભાઈ શાહની પ્રેરણા અને કુલસચિવ ડૉ. અશોક એન. પ્રજાપતિના માર્ગદર્શનમાં આ કાર્યક્રમ યોજાયો હતો. સમાજકાર્ય વિભાગના અધ્યક્ષા શ્રીમતી રીનાબહેન રાઓલ, ડૉ. નરેન્દ્રકુમાર વસાવા તથા ડૉ. શૈલેષભાઈ બ્રહ્મભટ્ટના સંયોજનમાં આ કાર્યક્રમ સંપન્ન થયો હતો.

## એસ.એસ.વી. શાળામાં વૃક્ષો વિશે સમજ અપાઈ

ગાંધીનગર, તા.૧૦

વૃક્ષનું માનવજીવનમાં એક અદભુત યોગદાન રહેલું હોય છે. આ પૃથ્વી પર મનુષ્યને ટકી રહેવા માટે પ્રાણવાયુની જરૂર પડે છે. અને એ પ્રાણવાયુ વૃક્ષો દ્વારા પૂરો પાડવામાં આવે છે.



વૃક્ષો આપણને અનેક રીતે ઉપયોગી છે. વૃક્ષોના પર્ણો પ્રકાશસંક્ષ્લેષણની ક્રિયા દ્વારા હવાને શુધ્ધ કરે છે. વૃક્ષોના મૂળિયાં જમીનનું ધોવાણ અટકાવે છે. વૃક્ષો રણને આગળ વધતું અટકાવે છે. વૃક્ષો વરસાદ લાવવામાં મદદરૂપ થાય છે. વૃક્ષો તો ધરતીની શોભા છે. વૃક્ષો વિના ધરતી સૂમસામ લાગે છે.વૃક્ષો વિનાનું મનુષ્યનું અસ્તીત્વ જ શકય નથી.

આમ વૃક્ષોનું મહત્વ સમજાવવાની સાથે-સાથે વૃક્ષોના ભાગો વિશેની સમજ આપવા માટે ગાંધીનગર ખાતે આવેલી એસ.એસ.વી શાળાના વિદ્યાર્થીઓ દ્વારા વૃક્ષો તથા તેના ભાગ દર્શાવતા ચાર્ટ તૈયાર કરવામાં આવ્યા હતાં.

## કોરોનાના નિયંત્રણોનો માનવીય અભિગમ સાથે અમલ કરાવવા હર્ષ સંઘવીની સૂચના



ગાંધીનગર, તા.૧૦

રાજયના નાગરિકોને કોવિડ- ૧૯થી સુરક્ષિત રાખવા માટે રાજય સરકારે મક્કમ નિર્ધાર કર્યો છે. આ બાબતે સરકારે અસરકારક કામગીરી હાથ ઘરી છે. એસ.ઓ.પી.ના નિયંત્રણોને માનવીય અભિગમ સાથે અમલવારી કરવાની સૂચના તંત્રને આપી છે, તેવું ગાંધીનગર જિલ્લા પ્રભારી મંત્રી અને ગૃહ રાજય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ કોવિડ-૧૯ની સાંપ્રત પરિસથિતિ સંદર્ભે કરાયેલ જિલ્લાના સુચારું આયોજન અંગેની સમીક્ષા બેઠકમાં જણાવ્યું હતું.

આ બેઠકમાં રાજય ગૃહ મંત્રી શ્રી હર્ષ સંઘવીએ કોઈનાથી ભૂલ થાય તો તેને દષ્ટાંતરૂપ ગણીને નાગરિકોને પોતાનું અને પરિવારનું જીવન જોખમમાં ન મૂકવાનો પણ અનુરોધ કર્યો છે. તેમણે રાજયના સૌ નાગરિકોને માસ્ક ફરજિયાત પહેરવા અને સોશિયલ ડિસ્ટન્સ ખાસ રાખવા પણ અપીલ કરી છે. એસ.ઓ.પી. નો ચુસ્ત અમલ કરીને પરિવારને સુરક્ષિત રાખવું તે અત્યંત જરૂરી છે. કોરોનાકાળમાં યોગ્ય સહયોગ કરવા પણ સર્વેને નાગરિકોને અપીલ કરી છે. તેમજ કોરોનાની પરિસ્થિતમાં નાગરિકોને આરોગ્ય સેવા ઝડપી મળી રહે અને આરોગ્ય સેવામાં કોઈ કચાસ ન રહે તે માટે સર્વે અધિકારીઓને ત્વરિત કામગીરી કરવા ભારપૂર્વક જણાવ્યું હતું.

આ બેઠકમાં જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યએ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારમાં તા. ૦૩ થી ૦૯ જાન્યુઆરી, ૨૦૨૨ દરમ્યાન આવેલા દિવસ અનુસારના કોરોનાના કેસોની માહિતી આપી હતી.

આ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી દિલીપભાઈ પટેલ, ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રી હિતેષ મકવાણા, ડેપ્યુટી મેયર શ્રી પ્રેમલસિંહ ગોલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી જસવંતભાઈ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી સુરભિ ગૌત્તમ, જિલ્લા પોલીસ વડા શ્રી મયૂર ચાવડા, અધિન નિવાસી કલેકટર શ્રી રીતુ સિંગ, જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી અનિલભાઈ પટેલ સહિત સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સાહિત્યસભા સંવાદમાં યુવાનો બોલ્યાં, 'સોશિયલ મીડિયા પર એક સર્જકની રચના અનેક નામે રાતોરાત ફરતી થાય છે'

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર સાહિત્યસભા દ્વારા ઓનલાઈન કાર્યક્રમ 'સોશિયલ મીડિયા અને સાહિત્ય' સંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર સાહિત્યસભા દ્વારા દર મહિનાના બીજા રવિવારે એમની માસિક બેઠક નિયમિત યોજાય છે. આ વખતે કોરોનાએ ફરી માથું ઉંચકતા ઓફલાઈનની જગ્યાએ ઓનલાઈન કાર્યક્રમ કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં આજના વકતા નિસર્ગ બુચ અને કોમલ તલાટી તેમજ સંચાલક અજય રાવલનું ગાંધીનગર સાહિત્યસભાના અધ્યક્ષ સંજય થોરાતે શાબ્દિક સ્વાગત કર્યું હતું અને 'સોશિયલ મીડિયા અને સાહિત્ય' વિશે એમનાં વિચારો વ્યક્ત કરવા મંચ સોંપ્યું હતું.

ગાંધીનગર સાહિત્યસભાના યુવાન સર્જકો કે જેઓ સોશિયલ મીડિયા સાથે કનેક્ટેડ છે એમને જ પ્લેટફોર્મ આપી આ કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. 'સોશિયલ મીડિયા અને સાહિત્ય' વિષય પર કોમલ તલાટી અને નિસર્ગ બુચ એમનાં વિચારો વ્યક્ત કર્યાં હતાં. કાર્યક્રમનું સંચાલન કારોબારી સભ્ય અને મીડિયા પ્રતિનિધિ અજય રાવલ દ્વારા કરવામાં આવ્યું હતું એમણે પણ સોશિયલ મીડિયા પર પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. ગાંધીનગર સાહિત્યસભાના આ યુવાનોને પ્રોત્સાહિત કરતા કાર્યક્રમમાં ૪૫થી વધુ સભ્યો હાજર રહ્યાં હતાં. ગુજરાતી સાહિત્ય અને નવી જનરેશનને સાંભળવા અને સોશિયલ મીડિયા વિશે એમની વાતો સાંભળવા યુવાન સભ્યો વધુ પ્રમાણમાં હતાં એ જ બતાવે છે કે હજુ પણ ગુજરાતી સાહિત્ય પ્રત્યે યુવાનો આકર્ષણ ધરાવે છે.

## એસ.કે. પટેલ કે.જી. ઈંગ્લીશ મીડિયમ સ્કૂલમાં મેઝીક બોકસ એકિટવીટી યોજાઈ





ગાંધીનગર, તા.૧૦

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ. કે.પટેલ કે.જી. ઇંગ્લિશ મીડિયમ સ્કૂલમાં મેઝીક બોક્સ એક્ટિવિટી કરવામાં આવી હતી. તેમાં શિક્ષિકાઓએ અલગ અલગ પ્રકારની વસ્તુ મેઝીક બોક્સ બતાવીને તેના વિશેના પ્રશ્ન કર્યા હતાં. બાળકોએ તેના પ્રશ્નના જવાબ આપીને આનંદ પ્રાપ્ત કર્યો હતો.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. મહેતા મીનાબેન બળવંતરાય, ઉ.વ. ૭૯, સેકટર-૨૮
- સ્વ. ઠાકોર કલાજી ગફુલજી, ઉ.વ. ૩૩, ફતેપુરા, પેથાપુર
- સ્વ. ખાંટ જીવાબેન ઉમેદસિંહ, ઉ.વ. ૯૫, સાદરા
- સ્વ. વાળા ઉજીબેન વિઠ્ઠલભાઈ, ઉ.વ. ૬૩, સુંદરીપાણા, બોટાદ

● રૂદ્રભૂમિ ●

- સ્વ. પટેલ રામબાઈબેન શકરાભાઈ, ઉ.વ. ૮૮, શાહપુર
- સ્વ. પટેલ જશુભાઈ નારણભાઈ, ઉ.વ. ૬૫, સેકટર-૪

## દેશના સમસ્ત દલિત, પીડિત, શોષિતોના મસીહા એવા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના દીર્ઘાયુની કામના કરાઈ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, આજરોજ મહાનગર ભાજપા અનુસૂચિત જાતિ મોરચા દ્વારા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના જીવને જોખમમાં નાખવાના પંજાબની કોંગ્રેસ સરકારે કરેલા દુષ્પ્રયાસના વિરોધમાં 'મૌન ધરણા'નો કાર્યક્રમ ગુજરાત વિધાનસભા સામે સ્થિત ડૉ.બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા પાસે યોજવામાં આવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, પંજાબમાં પીએમ મોદી સાથે બનેલી ઘટના બાદ સમગ્ર દેશમાં કોંગ્રેસના વિરોધમાં નાગરિકોનો આક્રોશ જોવા મળી રહ્યો છે.

આજના આ મૌન ધરણા





કાર્યક્રમમાં પ્રદેશ મહામંત્રીશ્રી રજનીભાઈ પટેલ, ભાજપા અનુસૂચિત જાતિ મોરચાના રાષ્ટ્રીય મહામંત્રીશ્રી શંભુનાથજી ટુંડીયા, ભાજપા અનુસૂચિત જાતિ મોરચાના પ્રદેશ પ્રમુખ ડૉ.પ્રદ્યુમન વાજા, પ્રદેશ સહ પ્રવકતાશ્રી કિશોર મકવાણા, પૂર્વ મંત્રી આત્મારામ પરમાર, શહેર પ્રમુખશ્રી ઋચિર ભટ્ટ, મેયરશ્રી હિતેશ મકવાણા, પ્રદેશ અનુસૂચિત જાતિ મોરચાના મહામંત્રી ગૌતમભાઈ ગેડિયા, પૂર્વ ધારાસભ્ય પુનમભાઈ મકવાણા, મોરચાના મહાનગરના પ્રભારી નરેન્દ્રભાઈ પરમાર, સંગઠનના હોદ્દેદારો, કોર્પોરેટરશ્રીઓ, કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં હાજર સૌએ મૌન ધરણા કરીને કોંગ્રેસની નિમ્ન સ્તરની રાજનીતિને વખોડી પ્રતીકાત્મક વિરોધ કર્યો હતો સાથે સાથે કોંગ્રેસના શીર્ષસ્થ નેતૃત્વ દ્વારા કરવામાં આવી રહેલી હલકી રાજનીતિ સામે પોસ્ટર્સ દર્શાવવામાં આવ્યા હતા. આ ઉપરાંત દેશના સમસ્ત દલિત, પીડિત, શોષિતોના મસીહા એવા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના દીર્ઘાયુની કામના કરાઈ હતી.

## સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા વિકલાંગ બાળકોને ભોજન



ગાંધીનગર, તા.૧૦

મકરસંક્રાંતિ પર્વ ભારતીય સંસ્કૃતિમાં દાન પુણ્યનું પર્વ ગણાય છે. જેને અનુલક્ષીને સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખના પ્રમુખ પ્રવિણાબેન વોરા અને મંત્રી વિમળાબેન અયાચી તેમજ મહિલા પાંખની બહેનો દ્વારા સદવિચાર પરિવાર વિકલાંગ પુનર્વાસ કેન્દ્ર ઉવાસદ, ગાંધીનગર સ્કૂલના કુલ૧૧૦ બાળકોને દૂધ-પાક પુરી સાથેના ભોજનનો કાર્યક્રમ યોજવામાંઆવ્યો હતો. આ કાર્યક્રમમાં સ્કૂલના આચાર્ય દશરથભાઈ ત્રિવેદી અને પ્રાથમિક શાળાના આચાર્ય ભરતભાઈ પ્રજાપતિ, ગૃહપતિ પ્રવિણભાઈ બારૈયા ગોપાલક અધિકારી જગદીશભાઈ સોલંકીનો ખુબ જ સાથ અને સહકાર સાંપડયો હતો.